
# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**


## દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

**Vol.1, Issue.3, 1 July 2018**

**For Private Circulation Only**








Dr. Shivendra Gupta
Vice-Chancellor



આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



भाव तापेन तप्तानां योगो हि परमौषधम्
—गरूड पुराण

अर्थात्–इस संसार के दुःखियों के भव तापों के मुक्ति के लिऐ योग ही उत्तम औषधि है ।

## દીપે અરુણું પરભાત

प्रिय छात्र मित्रो,

भारतीय संस्कृति का कोश अनेकानेक रत्नों से भरा पडा है। योगविज्ञान उनमें से एक है। योग विद्या भारतीय संस्कृति के सुद्धढ स्तम्भों में से एक है। योग के द्धारा जहॉं भारतीय संस्कृति के दार्शनिक पक्ष की पुष्टि हुई है वहीं इसके द्धारा मनुष्य में आघ्यात्मिक प्रवृत्ति का भी विकास हुआ है। 'गीता'के आठवें अध्याय के बारहमें श्लोक के अर्थ को देखकर इसकी व्यापकता एवम जटिलता का पता चलता है, जिसमें कहा गया है कि 'योग'की स्थिति सभी ऐन्द्रिय व्यापारों से विरक्ति में है। इन्द्रियों के सारे द्धारों को बन्द करके तथा मन को ह्रदय में एवम प्राण वायु को सिर की चोटी पर स्थिर करके मनुष्य अपने को योग में स्थापित करता है।

"योग आज की आवश्यकता और आने वाले कल की संस्कृति है"–परमहंस योगी की यह वाणी सिध्ध होने जा रही है।


योग और संस्कार के बिना शिक्षा अपूर्ण है। योग एक चेतनापरक विज्ञान है। पशु–चेतना के प्रभाव को, अपने कर्म को और वंशानुगत प्राप्त सभी संस्कारों को सिर्फ योग की अग्नि में ही भस्म किया जा सकता है। योग द्धारा ही कलुषित मानव चेतना की पशुता को गढकर उसे एक सच्चा इंसान बनाया जा सकता है।

श्री अरविंद कहते हैं कि अज्ञान में किया गया समस्त कर्म अपने और दूसरों के लिये दुःखदायी तो होता ही है साथ ही वह कर्ता को भी बंधन में बांधता है। बंधन का मतलब है-अपने कर्मफल भोगना। योग के प्रकाश में ज्ञानपूर्वक कर्म करने पर ही मनुष्य बंधन में नहीं बंधता, बंधन से मुक्त होता है, यानी सभी प्रकार के दुःखों से मुक्ति। योग ही हमें बताता है कि सत्य क्या है, असत्य क्या है, ज्ञान क्या है, अज्ञान क्या है, जगत क्या है, जीवन क्या है, जन्म क्या है और मृत्यु क्या है, धर्म क्या है, अधर्म क्या है, आत्मा क्या है, परमात्मा क्या है ? हम कहां से आये और कहां जाना है, हम ज्ञानपूर्वक कैसे कर्म करें ? योग वास्तव में जीवन जीने की सच्ची कला सिखाता है। यही मानव जीवन का परम लक्ष्य है।

योगयुक्त भारत, रोगमुक्त भारत।

(डॉ. शिवेन्द्र गुप्ता)
कुलपतिश्री

## University Archives (1970-71)



દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે મળેલી રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની સભાની તસ્વીર



યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના શુભારંભ પ્રસંગે પ્રવચન કરતા રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી. ગોરધનદાસ ચોખાવાળા

દ્વિતીય વાર્ષિક પદવીદાન સમારભ



દીક્ષાંત પ્રવચન આપતા અતિથિવિશેષ શ્રી. ગગનવિહારી મહેતા

(Source: Library Archives)

# યુનિવર્સિટી ન્યૂઝ

## વિદાય સમારોહ






















વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો વિદાય સમારંભ યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટના કોન્ફરન્સ હોલમાં તા ૧૪-૬-૨૦૧૮ના રોજ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજાઈ ગયો.જેમાં ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ, કા.કુલસચિવશ્રી અરવિંદ ધડૂક, કર્મચારી મંડળના પ્રમુખ શ્રી અખ્તર હુસેન મલેક, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તા, ઉપ-કુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ, પ્રમુખ શ્રી અખ્તર હુસેન મલેકે પ્રસંગોચિત ઉદબોધનમાં નિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની આભારવિધિ કા.કુલપતિશ્રી અરવિંદ ધડૂકે કરી હતી. નિવૃત્ત થતા કર્મચારીઓનું સન્માન કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા, ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ અને કા.કુલસચિવશ્રી અરવિંદ ધડૂકના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા.શ્રી ભરતભાઈ ઠાકોરે કર્યું હતું.




**નિવૃત્ત થયેલ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ**

| ક્રમ | કર્મચારીનું નામ |
|---|---|
| ૧ | ડૉ.હરીશ ડી. ડોક્ટર<br>પ્રોફેસર એન્ડ હેડ,ગણિતશાસ્ત્ર વિભાગ |
| ૨ | ડૉ.એ.એન.માલવીયા<br>કો-ઓર્ડિનેટર,એન.એસ.એસ વિભાગ |
| ૩ | ડૉ.રોમન કે.ભાટીયા<br>કો-ઓર્ડિનેટર,બાહ્ય પરીક્ષા વિભાગ |
| ૪ | શ્રીમતી મનુબેન બાબુભાઈ પટેલ<br>કેશીયર,હિસાબી વિભાગ |
| ૫ | શ્રી રાજેશ ચીમનલાલ ભાલાવાલા<br>કોચ,યુ.ક.અને શા.શિ. વિભાગ |
| ૬ | શ્રીમતી એસ્તરબેન કંચનભાઈ રજવાડી<br>હેડ ક્લાર્ક,પરીક્ષા વિભાગ |
| ૭ | શ્રી અશોકકુમાર કાંતિલાલ પટેલ<br>હેડ ક્લાર્ક,લીગલ સેલ વિભાગ |
| ૮ | શ્રી હરીશભાઈ લાખણભાઈ પટેલ<br>સિનિયર ક્લાર્ક,હિસાબી વિભાગ |
| ૯ | શ્રી આસિફઅલી શૌકતઅલી સૈયદ<br>સિનિયર ક્લાર્ક,પરીક્ષા વિભાગ |
| ૧૦ | શ્રી નરસિંહભાઈ હારીભાઈ પટેલ<br>પટાવાળા,રવાનગી(વહીવટી) વિભાગ |
| ૧૧ | શ્રી નટવરલાલ કલ્યાણજી પટેલ<br>પટાવાળા,પી.જી. વિભાગ |
| ૧૨ | શ્રી દોલતભાઈ ગણપતભાઈ પટેલ<br>પટાવાળા,અનુસ્નાતક વહીવટી સંકુલ વિભાગ |
| ૧૩ | શ્રી રમેશભાઈ છોટુભાઈ ચૌધરી<br>પટાવાળા,ગ્રંથાલય વિભાગ |
| ૧૪ | શ્રી ખંડુભાઈ છગનભાઈ પટેલ<br>પટાવાળા,રસાયણશાસ્ત્ર વિભાગ |































## સમર ફિટનેસ કેમ્પ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એક જ  એવી યુનિવર્સિટીઓ પૈકી છે જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે ગર્વની બાબત છે. આ વર્ષે યોજાયેલા ૨૧ દિવસના સમર ફિટનેસ કેમ્પમાં લગભગ ૧૦૦ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ મેળવીને પોતાની શક્તિનો વિકાસ કર્યો છે. કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખપદે યોજાયેલ પૂર્ણાહુતિ સમારંભમાં કુલસચિવશ્રી એ.વી.ધડુક તથા બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેનશ્રી ડૉ.કે.એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું કે, રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી,પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે ભવિષ્યમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને તમે તમારી યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ અપાવો તેવી શુભેચ્છા. આ સમારંભમાં ખેલાડીઓને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

નિયામકશ્રી પોલ ડેવિડે કેમ્પની વિસ્તૃત માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ-બહેનોએ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવા ખાત્રી આપી હતી.

કોચીંગ કેમ્પ દરમ્યાન યોગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો.(ડૉ).જીવણભાઈ પટેલ દ્વારા યોગાસન આસનો

શીખવવામાં આવ્યાં હતા. ૨૧ જૂનના રોજ યોગા વિશ્વ દિનની ઉજવણી માટે ખેલાડીઓને તૈયાર કરવામાં આવ્યાં હતા.

કોચીંગ કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી કેતન પટેલ, શ્રી મદનસિંહ ઠાકોર અને શ્રી અમિત રાઠોરનું કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આભારવિધિ કુલસચિવશ્રી એ.વી.ધડુકે કરી હતી અને સંચાલન ડૉ.રોમન ભાટીયાએ કર્યું હતું.










## ગ્રામ્ય જીવનદર્શન ૧૫ થી ૨૦ મે ૨૦૧૮

### Organized by V.N.S.G.University and Student for Development

### કેન્દ્ર : વઘઈ,પીપરી(ડાંગ),ચૌઢા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત અને સ્ટુડન્ટ્સ ફોર ડેવલપમેન્ટના સયુંકત ઉપક્રમે "ગ્રામ્યજીવન દર્શન-અનુભૂતિ ૨૦૧૮" કાર્યક્રમ તા.૧૫-૦૫-૨૦૧૮ થી ૨૦-૦૫-૨૦૧૮ દરમ્યાન યોજાઈ ગયો. કાર્યક્રમનું ઉદ્ઘાટન તા.૧૫-૦૫-૨૦૧૮ના રોજ સંસ્કાર કેન્દ્ર ,ડૉ મોઘાભાઈ દેસાઈ વિદ્યાસંકુલ કોલેજ કેમ્પસ,તિથલ રોડ,વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા,અતિથિ વિશેષશ્રી નવીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા,મુખ્ય મહેમાન તરીકે શ્રી ઈશ્વરભાઈ પરમાર (કેબિનેટ મંત્રીશ્રી ગુજરાત સરકાર) અને અતિથિ વિશેષ તરીકે શ્રી સુરેન્દ્રજી નાયક (ક્ષેત્રિય સંગઠન મંત્રીશ્રી) ઉપસ્થિત રહ્યા હતા.




ડાંગ જીલ્લો દક્ષિણ ગુજરાતમાં આવેલો છે, આ જીલ્લો ત્રણ તાલુકામાં વહેચાયેલો છે, જેમકે વઘઈ, સુબીર અને આહવા. આ જીલ્લો વિસ્તારની દ્રષ્ટિથી દક્ષિણ ગુજરાતનો સૌથી મોટો જીલ્લો છે. આ જીલ્લાને ગુજરાતનું ચેરાપુંજી કહેવાય છે. આઝાદી પછી આખા ભારત અને ગુજરાતમાં એક જ જીલ્લો છે, જ્યાં અત્યારે પણ રાજાઓનું શાસન ચાલે છે. આ જીલ્લામાં પાંચ રાજાઓ શાસન કરે છે. પિંપરી, લિંગા, વાસુના વગેરે રાજાનું સાશન લોક-પ્રતિનિધિ તરીકે કલેકટર સંભાળે છે. આ રાજાઓના સન્માન માટે દર વર્ષે હોળી પછી ડાંગ દરબાર ભરાય છે. આ રાજાઓનું સ્વાગત રાજ્યના રાજ્યપાલ અને કલેકટર કરે છે. ડાંગ જીલ્લો ૯૯%






આદિવાસી વસ્તી જોવા મળે છે. આમાં મૂળ આદિવાસી ભીલ છે. બાકી વારલી, કોકણી, ચૌધરી, વાગોલ, ભોયે, ગાયકવાડ અને અન્ય જાતિઓની આદિવાસી પ્રજા વસે છે. ડાંગ જીલ્લો ડુંગરાળ પ્રદેશ છે. અહિંયા લગભગ ૨૦૦૦ થી ઉપર આયુર્વેદિક દવા માટે વનસ્પતિઓ ઉપલબ્ધ છે. આ વિસ્તારમાં ભગત અને વૈદ આ વનસ્પતિઓના જાણકાર છે અને તેઓ લોકકલ્યાણ અર્થે મફતમાં લોકોની સારવાર કરે છે. આવા જ એક જાનુ ભગતનું તુલસીમાતા દવાખાનું આહવામાં આવેલ છે. આ દવાખાના ને ઉત્કૃષ્ઠ સેવા આપવા બદલ રાષ્ટ્રપતિ પુરસ્કાર મળેલો છે, આ ઉપરાંત ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પણ તેઓને પુરસ્કૃત કરી નવાજેલ છે. વઘઈ તાલુકામાં રાજ્યનું પ્રથમ ક્રમાંકિત બોટનિકલ ગાર્ડન છે, જે વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે અનુસંધાન માટેનું કેન્દ્ર છે. આ વિસ્તારમાં પર્યટન માટે ગીરા ધોધ પ્રખ્યાત છે. આ જિલ્લામાં મોટાભાગે આદિવાસીઓનું ધર્મપરિવર્તન કરાયેલ છે, હિંદુ ધર્મમાંથી ખ્રિસ્તીધર્મમાં મુખ્યત્વે પરિવર્તન થયેલ છે, જે લગભગ ૯૦% છે. વઘઈ તાલુકાના આદિવાસીઓનો મુખ્ય ખોરાક સવારે કાળી ચા અને રોટલા(બિસ્કીટ), બપોરે નાગલીના રોટલા, અડદની દાળ, લાલ મરચાની ચટણી અને સાંજે ચોખાનો રોટલો અને શાક તથા ક્યારેક દાળભાતનો મુખ્ય આહાર છે.

ગ્રામ્ય-જીવન દર્શનની અનુભૂતિ માટે વિદ્યાર્થીઓને કુલ આઠ ટુકડીમાં અલગ-અલગ ગામમાં મોકલવામાં આવેલ હતા. આ દરેક ટુકડીઓએ ગ્રામ્યજીવન દર્શન અનુભૂતિ તા:૧૬ મે ૨૦૧૮ થી ૧૯ મે ૨૦૧૮ સુધી કરી. વઘઈ કેન્દ્રની કુલ આઠ ટુકડીઓને પણ બે ભાગમાં વહેચવામાં આવી હતી. જેથી દરેક ટીમમાં એક ગ્રુપ લીડર અને બાકીના વિદ્યાર્થીઓ પૈકી બે લીડરની નિયુક્તિ કરી ગ્રામ્યજીવન દર્શન કરવામાં આવેલ હતું. દરેક ટીમમાં જૂથલીડર તરીકે યુનિવર્સિટીના પ્રાધ્યાપકની વરણી કરેલ હતી, જેના માર્ગદર્શન અને અનુભવોનો દરેક ટુકડીઓને લાભ મળેલ હતો. તેઓ દ્વારા ગ્રામ્યજીવનને વિવિધ દ્રષ્ટિકોણથી જોવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા સાંપડેલ હતી.

- **વઘઈ કેન્દ્ર દ્વારા ગ્રામ્યજીવન અનુભૂતિ માટે નીચે પ્રમાણેના ગામોની મુલાકાતો લીધી હતી.**

તા. ૧૬/૫/૨૦૧૮ વઘઈ, ડુંગરપાડા, બોરીગાવઠા, ચિકાર, ધોધાલપાડા, જામનપાડા, કોયલીપાડા, ઝાવડા, ભેસકાત્રી વગેરે જેવા ગામડાઓની મુલાકાત લીધી હતી.

તા. ૧૭/૫/૨૦૧૮ કુડકસ, કુકડનખી, બરડા, ચીચીનાગાવઠા, ઢાઢરા, ભવાડી, જામલાપાડા, રંભાસ વગેરે ગામોની મુલાકાત લીધી હતી.

તા. ૧૮/૫/૨૦૧૮ બરડા, દગડઆંબા, બોરપાડા, બાજ, સુસરદા, કુંડા, ચીચોડ, શીલીટમાલ વગેરે ગામોની મુલાકાત લીધી.

**શૈક્ષણિક અને સાંસ્કૃતિક અનુભવ :** વઘઈ તાલુકામાં જેટલા ગામોમાં આ આઠ ટીમો દ્વારા મુલાકાત લીધી, તે પૈકી શૈક્ષણિક બાબતો જોતા, સ્ત્રી શિક્ષણ ખુબ ઓછુ જોવા મળેલ છે. સાંસ્કૃતિક ક્ષેત્રે સ્ત્રીઓ, પુરુષોની સરખામણીએ ખુબ જ આગળ પડતી અને સક્રિય છે. આ લોકો પોતાના ઘરમાં પોતાની સંસ્કૃતિના કલા-ચિત્રો ભીંત પર દોરી, ડાંગી સંસ્કૃતિની ઓળખ આપે છે. પુરુષ લોકો મોટાભાગમાં બાંધકામમાં કડિયાકામ કે મજુરીકામ કરે છે, તેમની પાસે કળા હોય છે પરંતુ શિક્ષણ ઓછુ હોવાથી અલગ અલગ ગામોમાં મજુરી કરવા માટે જવાની ફરજ પડે છે. આ લોકોની આવકનું સાધન ખેતી, પશુપાલન, ખેતમજુરી, ડ્રાઈવિંગ અને લુહારીકામ તથા સુથારીકામ વગેરે છે. આ લોકો પોતાના દેવી-દેવતાઓને મંગલા કરાવવા માટે કંસરીમાતાની પૂજા કરે છે તથા માવલી તહેવારથી ખેતરમાં પાકેલા નવાઅનાજનું સ્વાગત કરે છે, આ દિવસે તેઓ એકબીજાના ઘરે જમવા જાય છે. વઘઈ તાલુકામાં દરેક ગામમાં આદિવાસી લોકો પથ્થર પર વાઘ, નાગ અને ચંદ્ર ની કોતરણી કરી અને તેની દૈવિકપૂજા કરે છે. આનો અર્થ એ થાય છેકે, સિંધુઘાટી સભ્યતા દરમિયાન આદિવાસી લોકો જંગલી હિસક પ્રાણીઓ જેવાકે દીપડા, સિંહ, વાઘ અને સાપની પૂજા કરતાં હતા કેમકે આવા પ્રાણીઓ








માનવજીવન માટે ખતરનાક છે જેથી આજે પણ આ લોકો તેઓના પૂર્વજોની સંસ્કૃતિ અપનાવે છે.

**આર્થિક અને સામાજિક પરિસ્થિતિ** : આ વિસ્તાર આર્થિક અને સામાજિક રીતે ખુબ જ પછાત છે. આર્થિક રીતે એટલા માટે પછાત છે કે આ આખો વિસ્તાર ડુંગરાળ પ્રદેશ છે તેથી આખું વર્ષ વરસાદનું પાણી જમીન પર ટકી રહેતું નથી અને આના કારણે માત્ર ચોમાસા સમય દરમ્યાન ખેતી કરી શકાય છે જ્યારે બાકીના ૬ માસ તેઓને બેરોજગાર બેસી રહેવું પડે છે. ખેતીની સાથે સાથે અમુક ગામમાં પશુપાલન કરે છે અને તેનાથી રોજબરોજનું ગુજરાન ચલાવે છે. મોટા ભાગના લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષી શકતા નથી, કારણકે અહિયા અન્ય રોજગારી માટેની સુવિધાઓ ઉપલબ્ધ નથી. અહિયા મોટાભાગના લોકો રોજગારી માટે શેરડી કાપવા નવસારી જીલ્લામાં, સુરત જીલ્લાના બારડોલી, ઓલપાડ તથા મહુવા સુગર ફેક્ટરીમાં અને મહારાષ્ટ્રમા દ્રાક્ષની ખેતીમાં છુટક મજુરી માટે જાય છે. તે લોકો નવેમ્બર મહિનામાં મજુરી માટે જાય છે અને હોળીના તહેવારોના સમયમાં પરત આવે છે. આ સ્થળાંતરને લીધે તેઓના નાના છોકરા-છોકરીઓને સાથે લઈ જવાની ફરજ પડે છે જેથી તેમના બાળકો શિક્ષણથી વંચિત રહે છે, જેના કારણે આ વિસ્તારમાં શિક્ષણનો દર ઓછો છે.



**સુવિધા અને સાધનો** : ગુજરાત સરકાર દ્વારા પીવાના પાણી માટે હેન્ડપંપ લગાવાયા છે તથા વાસ્મો યોજના હેઠળ પીવાના પાણીની ટાંકીની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. ગામમાં વસતા તમામ લોકો પાસે આવન-જાવન માટેના સાધનો ઉપલબ્ધ છે. આ લોકો લોટ બનાવવા માટે હજુ પણ હાથથી ચાલતી ઘરઘંટીનો ઉપયોગ કરે છે. ખેતી કરવામાટે તેઓ પાડાનો ઉપયોગ કરે છે. ખેતીમાં પરમ્પરાગત સાધનોનો ઉપયોગ કરે છે. ઘરમાં વાંસમાંથી હસ્તકળાથી બનાવેલા સાધનો વાપરે છે તદ્દુપરાંત ઘર બનાવવા માટે પણ વાંસ નો ઉપયોગ કરે છે. આ વિસ્તારમાં દૂધ સહકારી મંડળીઓ, સખી મંડળો, ગૃહ ઉદ્યોગ તથા બાયફ અને આગાખાન જેવી માતબર સ્વેચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. જેનો ગ્રામ વિકાસમાં મહત્વનો ફાળો છે.

આ વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી રસ્તાની સુવિધા સારી જોવા મળે છે. આ ઉપરાંત આરોગ્ય કેન્દ્રની સુવિધા, વીજળીની સુવિધા, સોલાર લાઈટ, સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયની સુવિધાઓ, ઉજ્વલ્લા યોજના હેઠળ ગેસની સુવિધા તથા આશાવર્કરો પણ ઉપલબ્ધ છે. દર અઠવાડિયે અહી હાટબજાર ભરાય છે જ્યાં જરૂરિયાતની વસ્તુઓ સસ્તા દરે મળી રહે છે. માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ માટે વિદ્યાર્થીઓ વઘઈ, આહવા, સાપુતારા અને ઝાવડામાં જાય છે, અમુક સુખીસંપન્ન લોકો તેમના બાળકોને અન્ય જિલ્લાઓમાં શિક્ષણ અર્થે મોકલે છે. પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજનની સુવિધાઓ ઉપલબ્ધ છે. દરેક ઘરના સભ્યો પાસે

આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, જોબ કાર્ડ વગેરે જોવા મળે છે. મા વાત્સલ્ય કાર્ડ, આરોગ્ય કાર્ડ, અને સરકારની વીમા પોલિસી, જનધન ખાતું, જીવન જ્યોતી વીમા યોજના, ખેતીવાડી માં લાગુ પડતી વિવિધ યોજના વગેરેનો પ્રસાર પણ સારી માત્રામાં થયેલ છે.

**ગ્રામ્ય લોકોના પ્રશ્નો :**

1) સરકારી સુવિધાનો લાભ તમામ લોકોને મળતો નથી, જે જાગરૂકતાનો અભાવ દર્શાવે છે.

2) આરોગ્યની સુવિધા દરેક ગામોમાં પર્યાપ્ત મળતી નથી, તેથી જયારે આકસ્મિક સંજોગોમાં તકલીફ પડે છે.

3) ૧૦૮ એમ્બુલન્સની સુવિધા તો છે, પરંતુ મોબાઈલ નેટવર્ક ની સુવિધા નબળી હોવાથી તેનો યોગ્ય ઉપયોગ કરી શકાતો નથી.

4) પાણી નો પ્રશ્ન ખુબ વિકટ છે આ વિસ્તારમાં ચેકડેમો, હવાડા, નદી, તળાવો, કુવા, બોર વગેરે હોવા છતાં પાણી મળતું નથી, જે માટે સહભાગી વહેચણી અને સમારકામનો અભાવ મુખ્ય છે.

5) દરેક ગામોમાં પંચાયત ના હોવાના કારણે દરેક ગામોને સરકારી સુવિધાની માહિતી મળતી નથી અને તેના કારણે મોટાભાગના ગામલોકો તેનાથી વંચિત રહી જાય છે.

6) બેન્કની સુવિધાઓ નજીકના વિસ્તારમાં નથી તેથી તેમને દુર સુધી જવું પડે છે.

7) કૃષિ પાકોના વેચાણ માટે બજારની સુવિધાના અભાવના કારણે ખેડૂતોને પોતાના ખેતરથીજ અનાજ વેચવું પડે છે, જેથી પોષણક્ષમ ભાવ મળી રહેતા નથી. ઉપરાંત અન્ય શહેરોમાં વેચવા માટે યોગ્ય સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

8) શિક્ષણ માટે બાળકોને નજીકમાં સુવિધા ઉપલબ્ધ ના હોવાથી તેમને સ્થળાંતર કરવું પડે છે.

9) આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી બાળકોને શિક્ષણ અપાવી શકતા નથી.

10) સ્ત્રીઓમાં ભાષાની સમસ્યા જોવા મળે છે.

11) આ વિસ્તારમાં બાળવિવાહ પ્રથા હાલમાં પણ મોટા પાયે જોવા મળે છે.

12) અંધવિશ્વાસ અને ત્રાટક પર હાલમાં પણ મોટાભાગના લોકો વિશ્વાસ કરે છે, પશુની બલી ચડાવવાનો રીવાજ હાલમાં પણ છે.

13) પશુ ચિકિત્સકની સુવિધા નથી.

14) આ વિસ્તારના મોટાભાગના લોકો વ્યસન કરે છે.

15) ડેરી ઉદ્યોગ પુરતા પ્રમાણ વિકસ્યો હોવા છતાં ઉનાળામાં પાણી અને લીલાચારાની અપુરતી સુવિધાના કારણે દૂધ ઉત્પાદન ઓછું આવે છે અને તેના પરિણામે તેની અસર કુટુંબની આર્થિક પરસ્થિતિ ઊપર પડે છે.

16) ભૌગોલિક પરિસ્થિતિને પ્રમાણે ચોખાના ખોરાકને કારણે ટી.બી. અને સિકલસેલ એનીમિયાની બિમારી વધારે જોવા મળે છે.

**વિશેષ અનુભવ અને અનુભૂતિ :** ગ્રુપ ટીમ આઠ અને ગ્રુપ લીડર **ડૉ. મનોજ શર્મા** ના અનુભવ અને અનુભૂતિ પ્રમાણે જે ગામ ડુંગર વિસ્તાર ક્ષેત્રમાં છે અને મુખ્ય રોડથી દુર છે તેમાં શિક્ષણ અને ગરીબીની સમસ્યા છે. દ.ત. રંભાસ અને ભેસ્કાત્રી અને સીલિત માલ ના સર્વે પરમને બધા લોકોની આર્થિક સ્થિતિ સામાજિક સ્થિતિ સરકારી કર્મચારી તથા નેતાની સારી કામગીરીના કારણે સારી છે.

સીલેટમાલમાં એક ૯૦ વર્ષના કાકાએ કીધું કે આ ગામમાં ૧૦ વર્ષ પહેલા લોકો માંસાહાર વ્યસની અને બહુ પત્ની વિવાહમાં વિશ્વાસ કરતાં હતા. ત્યારબાદ ૯૦% લોકોને જે પરમાત્મા ધર્મ અપનાવી અહિંસક બની ગયા. આ ગામમાં એક ઘરમાં ૧૦ વ્યક્તિ થોડા સમય પહેલા ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો, અને આ લોકોને દર મહિને દવા દારૂનો ખર્ચો વધારે થતો, આનો સંપર્ક ફાધર સાથે થયો તેથી આ લોકોનું માનવું છે કે તેમના કારણે તેમની સ્થિતિ સુધારી તેથી તેમને આ ધર્મ અપનાવ્યો. આ લોકો છોકરીના લગ્ન પોતણા ફળીયામાં જ કરે કારણ કે તેમની વસ્તી વધે અને જંગલી જાનવરો સામે રક્ષણ મેળવી શકે. અને જો સરકારી જોબમાં હોય તો પોતાના છોકરાને મોટી સિટીમાં ડોક્ટર, એન્જીનીયર જેવા મોટા અભ્યાસ કરાવે, મારા અનુભવ પ્રમાણે જે જે ઘરની મુલાકાત લીધી તેમાં ભારતીય સંસ્કૃતિમાં માને છે.

**વિદ્યાર્થીના અનુભવો અને અનુભૂતિ** : ગ્રુપ સાત (૭) ના સંચાલક **દિપેશભાઈ ઝા (ટીચિંગ આસીસ્ટંટ, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ)** દ્વારા વિદ્યાર્થીઓને ગ્રામજીવન દર્શન દરમ્યાન દરેક ગામનું SWOT Analysis (Strength, Weakness, Opportunity, Threats) કઈ રીતે કરવું તે વિષે અવગત કરાવેલ, જેથી દરેક વિદ્યાર્થી તેમની મુલાકાત દરમ્યાન અલગ દ્રષ્ટિકોણથી ગ્રામ્યજીવનની અનુભૂતિ મેળવી શકે. આ ઉપરાંત ડાંગના કુદરતી સંસાધનો વિષે ખ્યાલ આપવામાં આવેલ હતો. જેથી દરેક વિદ્યાર્થીમિત્રો તેમણે મેળવેલ માહિતીનું વિશ્લેષણ કરી ઉપલબ્ધ સંસાધનોની

આજીવિકા સાથેનો સહ્સંબધ સમજી સકે. આ ઉપરાંત ડૉ. **શ્રીધરભાઈ નિમાવત** દ્વારા જળ અને જમીન સંસાધનોના સરક્ષણ વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી.

જેમાં ગામની મજબૂતાઈ (Strength) જોઈએ તો શિક્ષણ, આરોગ્ય, રોજગારી, ગૃહઉદ્યોગો, ખેતી, પશુપાલન માટે ગૌચરની જમીન સ્વેચ્છિક સંસ્થા અને સહકારી / સરકારી મંડળીઓ બાબતે જોવા મળે છે.

નબળાઈ (Weakness) જોઈએ તો શાસન અને પ્રશાસન વ્યવસ્થા, યોજનાઓ વિશેની માહિતીનો ઓછો પ્રચાર અને પ્રસાર, એક યોજનાનો વારંવાર એક જ લાભાર્થીને લાભ મળવાના કારણે બીજા લોકો લાભથી વંચિત રહી જાય, જુથ પંચાયત હોવાથી દરેક ગામનું યોગ્ય પ્રતિનિધિત્વનો અભાવ.

તક (Opportunity) જોઈએ તો સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે રોજગારીને લગતી (MNREGA) યુવાનો માટે કૌશલ્યવર્ધન કેન્દ્રો ખેડુતોમાટે ખેતીલક્ષી યોજનાઓ, પશુપાલન ક્ષેત્રે બજાર અને પશુ આહાર અને સારવાર અને સુવિધાને પરિણામે ગ્રામવિકાસ માટે  વિવિધ તકો રહે છે.

ભયસ્થાન (Threats)જોઈએ તો ગામના લોકોનું કાયમી સ્થળાંતર, રોજગારીની સમસ્યા, બાળકોનું અપૂરતું શિક્ષણ, ગામના નાના મોટા સામાજિક અને ધાર્મિક પ્રશ્નો, સરકારની યોજનાનો અપૂરતો લાભ, આરોગ્ય બાબતે શીકાલસેલ અને ટી.બી. જેવી બાબતોના કારણે આર્થિક વિકાસ રૂંધાય છે.ગ્રામ્ય-જીવન દર્શન અનુભૂતિ ૨૦૧૮ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગ તથા સંલગ્ન કોલેજમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, કાનૂન શાસ્ત્ર વિભાગ (Law Dept.), જર્નાલીસમ અને માસ કોમ્યુનીકેશન વિભાગ, એજયુકેશન વિભાગ, બાયોટેકનોલોજી વિભાગ, કાછલ કોલેજ-મહુવા, સ્કેટ એન્જીનીયરીગ કોલેજ, નેત્રંગ કોલેજ અને વિદ્યાદીપ ફીજીઓથેરાપી કોલેજ-કીમ તથા એસ.એફ.ડી. સ્વયંસેવક સહભાગી બનેલ હતા. કુલ ૮૬ વિદ્યાર્થીઓ પૈકી ૪૪ વિધાર્થિનીઓ અને ૪૨ વિદ્યાર્થીઓ, ૬ એસ.એફ.ડી. વ્યવસ્થાપક અને યુનિવર્સિટીના ૩ પ્રાધ્યાપક આ શિબિરમાં ભાગીદાર રહેલ હતા. તેઓની વિગત નીચે પ્રમાણે છે.

**Team members of Organising and Management Committee from V.N.S.G.U. Surat**

1. **Dr. A.N. Malaviya**
2. **Dr. Hemaliben Desai**
3. **Dr. Bharat Thakor**

**V.N.S.G.U. Senate Members Visited During Shibir:**

1. **Mr. Ganpat Dhameliya,** Senate Member from Computor Science.
2. **Mr. Manish Kapadiya,** Senate Member Science Faculty,
3. **Mr. Bhavin Patel,** Senate Member, Rural Studies Faculty.

**Faculty Members Participated from V.N.S.G.U. Surat**

**1. Dr. Manoj Sharma** (Teaching Assistant, Journalism and Mass Communication) SFD Group Leader Vaghai Centre. M: 9879467494

**2 Dr. Shreedhar Nimavat** (Assistant professor, MRS Dept. V.N.S.G.U. Surat)

**3. Dipesh Jha** (Teaching Assistant, MRS Dept. V.N.S.G.U. Surat)

**4. Ms. Hetal Ramani** (Teaching Assistant, Law Dept. V.N.S.G.U. Surat)

**Management Team Members (SFD):**

1. **Maulik Desai**
2. **Appu Patil**
3. **Bhushan Vankhede**
4. **Parth Chauhan**

**Daily activity:**

**Yoga and Traditional Games:**

**Trainer: kalpesh Patel (Student, Education Dept. VNSGU.Surat)** 6:00 am to 7:00 am Baudhik **Provided by Various personalities:**

Dr. Sanjay Satyarthi – Govt. Nominee Syndicate Member, VNSGU and Prof. Govt. College Daman Date: 16/05/2018 Topic: Bharat Ni Sanskriti and Asmita.Dr. Yogesh bhatt – Ex. Pricipal, Vanraj College, Dharampur Date: 17/05/2018 Topic: Sharing of Self-Experience of the Dangs Tribal-Culture with reference to Mahal Region.Dr.Bhaskar Raval Pro-Vice Chancellor, V.N.S.G.U.Surat. Date: 18/05/2018 Topic: Explanation of Indian Nationality through Poem.

Dr. Takhatsinh- B. K. M. College, Valsad Date: 18/05/2018. Topic: Water Management & Utility

Dr. Manoj Sharma - Assistant professor, Dept. of Journalism & Mass Comm. V.N.S.G.U. Surat Date: 18/05/2018 Topic: Political & Cultural aspect of the Dangi tribals.

**Cultural Programme organiser:**

Vijaykumar Vala and Yash Patel, Students, MRS Department, VNSGU, Surat Dr.Falguniben Thakkar (Guest Visitor, Prof. S.D.Jain College, Surat)

**Total village visited: 25**

**Total number of Famalies visited: 400**

(અહેવાલ:પ્રા.(ડૉ) ભરત ઠાકોર)

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ વિદ્યા યોગને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવેલ છે. તેમજ દર વર્ષે ૨૧ જૂનને ‘વૈશ્વિક યોગ દિવસ‘ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે.

યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ, શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ માટે યુનિવર્સિટી પરિસરના ગાર્ડનમાં તા ૧૮-૬-૨૦૧૮ થી ૨૦-૬-૨૦૧૮ દરમ્યાન સાંજે ૫:૦૦ થી ૬:૦૦ સુધી યોગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૧-૬-૨૦૧૮ ના રોજ યુનિવર્સિટી પરિવારે ચેમ્બર ઓફ કોમર્સના એક્ઝીબીસન હોલ, સરસાણા ખાતે વૈશ્વિક યોગ દિવસની ઉજવણી કરી હતી.




























## વિશ્વ પર્યાવરણ દિવસ: ઉજવણી



તારીખ ૫ જુન ૨૦૧૮ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિભાગના અધ્યાપકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે વિભાગના અધ્યાપકો દ્વારા પોતાને મનગમતા વૃક્ષો પોતાના સ્વખર્ચે લાવીને વાવેતર કર્યું હતું જેમાં મહોગની, મહુડો, કદમ, અર્જુન સાદડ, વડ, પીપળો અને આમળાના વૃક્ષોનું વાવેતર કર્યું હતું એટલુજ નહિ પરંતુ પોતે આવેલા વૃક્ષોને ઉછેરવાની પણ જવાબદારી અધ્યાપકોએ સ્વેચ્છાએ સ્વીકારી છે. આ કાર્યક્રમ વિભાગના વડા ડો.વિપુલ સોમાણીના માર્ગદર્શન અને પ્રેરણાથી કરવામાં આવ્યો હતો.

**(અહેવાલ: પ્રા. (ડૉ.) શ્રીધર નિમાવત)**

## વિડિઓ વિમોચન
















યુનિવર્સિટીના આગંતુક વિદ્યાર્થીઓને સવિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે યુનિવર્સિટીના સૌપ્રથમ વિડિઓનું તા.૨૭-૬-૨૦૧૮ના રોજ કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ વિડિઓમાં યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં પ્રાપ્ય અભ્યાસક્રમોની માહિતી, યુનિવર્સિટી આંતરમાળખાકીય સુવિધાઓ અને યુનિવર્સિટી પરિસરની ઝાંખી દર્શાવવામાં આવેલ છે. સોશિયલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓ વધુ માહિતગાર થશે.

પ્રસંગોચિત ઉદબોધન કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાએ આપ્યું હતું.વિડિઓ અંગેની માહિતી નાયબ કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવીએ આપી હતી.આ પ્રસંગે ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ,કા.કુલસચિવશ્રી અરવિંદ ધડૂક, અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Ph.D.

**Notification received in the University Library during 16th April 2018 to 25th June 2018**

**CHEMISTRY**

1. Patel, Bhumika Bharatbhai. **Inhibition of Corrosion of Brass in NTRIC Acid.** (Guide: Dr. R.T. Vashi, Ex. Assistant Professor, Navyug Science College, Surat).

2. Shah, Prateshkumar Jayantilal. **Studies on Substituted O-Hydroxy Ketoxime as Amperometric Spectrophotometric and Gravimetric Reagent.** (Guide: Dr. Nitinkumar B. Patel, Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch).

3. Solanki, Yashpalsinh Jitsinh. **Investigation on Substituted Thiosemicarbazone as Analytical Reagents and its Applications.** (Guide: Dr. Nitinkumar B. Patel, Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch).

**ECONOMICS**

4. Padasala, Bhikhulal Mavjibhai. **Gujaratma Heerudhyogma Karya Karta Ratnakalakaro ane Dalalo par Mandi-Tejini Asarono Abhyas.** (Guide: Dr. Dilip L. Varsani, Principal, Shree J.B. Dharukawala Mahila Arts College, Surat.

**EDUCATION**

5. Patel, Sarika Mohanbhai. **Emotional Intelligence and its impact on Adjustment among Tribal Students of High School in Dadra and Nagar Haveli.** (Guide: Dr. Vinodbhai G. Patel, Principal, V.T.Chokshi Sarvajanik College of Education, Surat).

GUJARATI

6. Patel, Padmaben Gulabbhai. **Jivancharitratmak Navalkathonu Samikshattmak Adhyayan (Pasand Karayeli Krutiona Vishesh Sandarbhe.** (Guide: Dr. Hitesh N. Gandhi, Assistant Professor, Shri R.M. Commerce College, Rajpipla).

HISTORY

7. Anjiriya Piyush Sureshchandra. **1928 thi 1947 Darmiyan Swadhinata Sangramma Dakshin Gujarat Na Pradan Na Aalekhan matey Na Sadhano no Abhyas: Patrikao, Samayiko ane Ahewalo Na Vishesh Sandarbh ma.** (Guide: Dr. Dharmesh C. Pandya, Assistant Professor, Arts and Commerce College, Vyara.

8. Gonsai, Chaitalibahen Sanmukhgiri. **Vyaranagarnu Sthanik Swashasan-Aitihasik Pariprekshyama: 1960 to 2000.** (Guide: Dr. H. Y. Kharvasiya, Principal, Arts and Commerce College, Vyara.

LAW

9. Pandya, Purvi Kaushikbhai. **A Study of Forensic Science Tests in Administration of Justice.** (Guide: Dr. J.T. Desai, Ex. Principal, Shah K.M. Law College, Valsad).

MANAGEMENT

10. Dwivedi, Shweta Madhukar. **A Study of Shopping Style and Profiling of Retail Shoppers.** (Guide: Dr. Manish V. Sidhpuria, Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat).

11. Garg, Rashmi Bansidhar. **Measuring Emotional Labor among Hotel Employees and Satisfaction of Hotel Guests.** (Guide: Dr. Renuka Garg, Professor and Head, Department of Business and Industrial Management, VNSGU, Surat).

PHYSICS

12. Vansia, Minal Natverlal. **Determination of some Physical Parameters of Thiourea Crystals.** (Guide: Dr. K. C. Poria, Professor and Head, Department of Physics, VNSGU, Surat).

SANSKRIT

13. Patel, Sureshbhai Bahadurbhai. **Madhusudan Saraswatinu Adaivat=Vedantma Pradan.** (Guide: Dr. Hansaben A. Parmar, Assistant Professor, Smt. J.P. Shroff Arts College, Valsad.

14. Vasava, Pankajkumar Indravadan. **Sukraniti ma Nyayvyavashtha: Ek Adhyayan. (Manusmruti ane Kautilya Na Arthashastra Na Vishesh Sandarbh ma.** (Guide: Dr. Rita Trivedi, Assistant Professor, M.T.B. Arts College, Surat)

## કોલેજ ન્યૂઝ

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

તા.૨૧/૬/૨૦૧૮ ના રોજ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બિલિમોરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમની સવારે ૬:૪૫ કલાકે શરૂઆત થઈ હતી. સૌપ્રથમ શ્લોકગાન, શારીરિક આંગિક અવયવોના પ્રરિભ્રમણ માટે કસરત કરવામાં આવી ત્યારબાદ યોગાસનનું મહત્વ સમજાવી વિવિધ આસનો કરાવવામાં આવ્યા. નાડીશોધન, પ્રાણાયામ અને ભ્રામરી પ્રાણાયામનો પણ યોગમાં સમાવેશ થતા સૌએએ શીખવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. સાંભવીમુદ્રા અને જ્ઞાનમુદ્રા કરાવ્યા બાદ કોલેજના તમામ તાલિમાર્થીઓ પાસે યોગ સંદર્ભે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. યોગતજજ્ઞ એવા આચાર્ય શ્રી ડૉ.કિશોરભાઈ આર.નાયકે તા.૧૨/૬ થી તા.૨૧/૬/૨૦૧૮ દરમ્યાન તાલીમ આપી હતી. યોગના સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાનો તેમજ બિનશૈક્ષણીક સ્ટાફ પણ જોડાયો હતો. કાર્યક્રમનું વ્યવસ્થાપન અધ્યાપક ડૉ.મનસુખભાઈ પટેલ તથા ડૉ.શીતલબેન વસાવાએ કર્યું હતું.

**Chief Editor:** Dr.K.C. Poria, Professor (Stage-6) and Head, Department of Physics, VNSGU, Surat.

**Editor:** Dr. B.J. Ankuya, Assistant Librarian, VNSGU, Surat.

**Published by:** Shri A.V.Dhaduk, I/c. Registrar, VNSGU, Surat.

**Designed by:** Shri Mayaankkumar Patel, Programmer, VNSGU, Surat.

THIS e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org

Tel: + 91-261-2227141 Fax: + 91-261-2227312

E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com